Post Regd. No. GKCH- 2 / 2021 - 2023

કચ્છનું સૌથી જૂનું વર્તમાનપત્ર | પ્રેરક આદ્યસ્થાપક : સ્વ. ફૂલશંકર પટ્ટણી | :સહયોગ : શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ કુકમા(કચ્છ)

# જયકચ્છ

OLDEST NEWS PAPER OF KUTCH : JAYKUTCH

સ્થાપના તા. : ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪ ★ સત્યાચરણ ★ સિદ્ધાંત નિષ્ઠા ★ પ્રબળ પુરૂષાર્થ

૯૦ વર્ષ

૦ સજીવખેતી ૦ ગૌમહાત્મય ૦ પર્યાવરણ ૦ ગ્રામોત્થાન ૦ સ્વાવલંબન ૦ આરોગ્ય

વ્યવસ્થાપક : ચન્દ્રવદન એફ. પટ્ટણી
સલાહકાર : મનોજભાઈ પી. સોલંકી
તંત્રી : તેજસ સી. પટ્ટણી

★ વર્ષ ૯૦ ★ સંવત. ૨૦૭૮ ★ આસો વદ ૪ ★ તા. ૧/૧૧/૨૦૨૩, ★ અંક ૩ ★ પાના ૪ ★ પોસ્ટ આવૃતિ તા. ૬/૧૧/૨૦૨૩ ★ RNI No. 1886/57

## સજીવ ખેતીમાંથી મળી શકે અહિંસક આજીવિકા

### દરેક વ્યવસાયમાં પિતા પાસે પુત્ર હોંશિયાર થઈ જાય, વારસાના હથિયારો અને ઓજારો તેને કામમાં આવે, કામ પણ એ જ રીતે મળી રહે, કશી મુશ્કેલી વિના નવા નવા ધંધાદારીઓ ઉત્પન્ન થતા જાય અને વારસો ચાલ્યા કરે

અહિંસક આજીવિકા પ્રાપ્ત કરવા માટે લોકો સામે યોગ્ય યોજનાઓ મુકવી એ સહેલું કામ નથી. ભુખ્યો માણસ ગમે તે કરીને પેટ ભરવા તૈયાર થઈ જાય છે. પછી ખાઈ શકાય તે ચીજ મળે તે ખાઈને માણસ એક વાર પેટ ભરી લે છે. પછી જે થવું હોય તે થાય. જયારે જંગલોમાંથી ફળફળાદિ કે ખાવા લાયક વસ્તુઓ ન મળે, તો પશુ–પક્ષી મારીને માંસ–મચ્છી કે જે મળે તે ખાઈ લેવાની વૃતિ રોકી શકે નહીં. અને આળસુ તથા બેદરકારી ભર્યું જીવન જીવી માનવ પશુ કરતાં બહુ વધારે સારો હોઈ શકે નહીં.

આ સ્થિતિમાં બચાવ કરવા માટે, મહાહિંસામાંથી અલ્પહિંસામાં લાવવા માટે તેને ખેતી શીખવવી પડે છે. અને એ રીતે માનવજીવન વ્યવસ્થાના સેંકડો ધંધાઓને એક બીજાની સહાયમાં ગોઠવાઈ જ જવું પડે છે. અને ધંધાદારી મદદમાં સેંકડો કારીગરોને ગોઠવાઈ જવું પડે છે.

આ રીતે સેંકડો ધંધા, સેંકડો કારીગરોના ધંધાની આવશ્યકતા ગોઠવાઈ જાય છે. ઘરમાં અને કુટુંબમાં સારી રીતે જીવન ચલાવી શકાય માટે પુરૂષો અને સ્ત્રીઓ ઉપયોગી અનેક બાબતોમાં નિષ્ણાત થવા યોગ્ય શિક્ષણ અને તાલીમ લઈને તૈયાર થવા જ જોઈએ.

આ સમગ્ર તંત્ર રીતસર ગોઠવાય, તો જ જેમ બને તેમ અહિંસક રીતે પ્રજા આજીવિકા મેળવી શકે અને અહિંસક રીતે જીવન જીવી શકે, અને એમ સમગ્ર પ્રજા વિના દબાણે યોગ્ય રીતે જીવન–જીવતી ગોઠવાઈ જ જાય. આ બધી તૈયારી અકે પછી એક થઈ શકતી નથી. એ સઘળું અમુક વખતમાં એકીસાથે અમલમાં આવી જાય તો જ કામ ચાલે. ખેડુત ખેતરમાં ખેતી કરવા જાય, પછી હળ લેવા જાય. પછી સુથાર લાકડું કાપવા હથિયાર લેવા જાય, પછી લુહાર લોઢું લેવા જાય, પછી લોઢું આપનાર ખાણ ખોદવા જાય, ખાણ ખોદનાર લોઢું કયાંથી નીકળશે? તેના જાણકારને શોધવા જાય, તો ખેડુત અનાજ કયારે ઉત્પન્ન કરે? આથી એમ કહેવું જ પડે કે કોઈ વિશિષ્ટ મહાવ્યવસ્થાપક નિષ્ણાંતે પોતાની તીવ્ર જ્ઞાન શકિતના બળથી દરેક પ્લાનો મગજમાં ગોઠવી તુરંત અમુક જ વખતમાં અમલ કરાવી દીધેલો હોવો જોલએ અને સડસડાટ કામ ચાલુ થઈ ગયેલું હોવું જોઈએ. ભલે પછી તેમાં લોકો વિશેષ નિષ્ણાંત પાછળથી થયા હોય. પરંતુ એક વખતના જરૂરી તમામ સાધનો અને કામો પ્રાથમિક કક્ષામાં તો લગભગ એકીસાથે જ ગોઠવાઈ ગયેલા હોવા જોઈએ. આખી મશીનરી પુરી ગોઠવાયા વિના એક છેડેથી શરૂ થયેલું કામ બીજે છેડેથી નીકળી શકે જ નહીં.

> ખેતી કરનારને હળની જરૂર પડે છે, ખેડુતો કાંઈ હળ તૈયાર કરવા બેસી શકે? તે તૈયાર કરી આપનાર સુથાર તેને જોઈએ. સુથારને હળમાં નાખવાના ખીલાની જરૂર પડે, તે કંઈ સુથાર બનાવી શકે? તે તો લુહારને ત્યાંથી લાવવા પડે. લુહાર ખીલો ઘડી આપે. લોઢું ખાણમાંથી લુહાર કાઢી શકે નહીં, ત્યારે તે કામ કરનારાઓનો વર્ગ ઉભો થાય.

આનું પરિણામ એ આવ્યું કે દરેક માણસોને પોતાની આજીવિકા મેળવવા પુરતું કામ મળી ગયું. કોઈ નવરો નહીં કે જેથી નખ્ખોદ વાળે. કોઈ બેકાર નહીં કે જેથી કોઈનીય. એશિયાળો થઈને પારકી મહેનત ઉપર દયાનો રોટલો ખાવાનો વારો આવે. તમામ માનવોનો રીતસર યથા યોગ્ય ઉપયોગ ગોઠવાઈ જવાથી કયાંય અવ્યવસ્થા, ભાંગફોડ,ગુંડાગીરીને અવકાશ જ ન મળે.

ધંધો પણ એવો શાંતિનો કે આજીવિકા પુરતું અમુક વખત કામ કરવાથી તે મળી શકે. બાકીનો વખત જીવન સુધારવામાં, સંસ્કારી બનવવામાં, શાંત અને ઉમદા બનવવામાં, ઉતમ વિચાર અને ઉતમ આવલંબન લેવામાં જાય, જેથી ટોળ ટપ્પા તોફાન–મસ્તી, વધારે પડતા પ્રેક્ષણાકો અને તમાસા જોવામાં, કે નવરા પડી રહેવામાં વખત ન ગાળતા જીવનના યોગ્ય ઘડતરમાં જ સમય ગાળે. આ જાતની વ્યવસ્થા જાહેર જીવનમાં રાખવામાં આવી. જાહેર જીવન જ એવું આદર્શ અને ઉદાત રાખવા માટેની ગોઠવણ કરવામાં આવી કે જેથી કયાંય દોષો પ્રવેશવા પામે નહીં. પિતા પાસે પુત્ર હોંશિયાર થઈ જાય. વારસાના હથિયારો અને ઓજારો તેને કામમાં આવે. કામ પણ એ જ રીતે મળી રહે. કશી મુશ્કેલી વિના નવા નવા ધંધાદારીઓ ઉત્પન્ન થતા જાય અને વારસો ચાલ્યા કરે.

કચ્છનું સૌથી જૂનું વર્તમાનપત્ર | પ્રેરક આદ્યસ્થાપક : સ્વ. ફૂલશંકર પટ્ટણી
જયકચ્છ
સ્થાપના તા. : ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪

સજીવ ખેતી ઉત્પાદન, ગૌ ઉત્પાદન તેમજ ગ્રામોત્થાનને લગતી પ્રવૃતિ ધરાવનારાને પ્રચાર પ્રસાર માટે ઉત્તમ તક

| | | |
|---|---|---|
| ૦ એક વાર પ્રસિધ્ધિ: | રૂા. ૨૫૦/– | (૧ અંક) |
| ૦ છ માસ સુધી પ્રસિધ્ધિ: | રૂા. ૨૫૦૦/– | (૧૨ અંક) |
| ૦ એક વર્ષ સુધી પ્રસિધ્ધિ : | રૂા. ૫૦૦૦/– | (૨૪ અંક) |
| ૦ બે વર્ષ સુધી પ્રસિધ્ધિ: | રૂા. ૧૦,૦૦૦/– | (૪૮ અંક) |

"જયકચ્છ"માં જાહેરાત આપવા માટે સંપર્ક કરો :
મો. ૯૯૨૫૧ ૭૪૬૯૯

## સૂર્યના કિરણોને જો ઘરમાં પ્રવેશવા નહિં દેવાયતો ડોકટર માટે દરવાજા ખોલવા જ પડશે

### પૃથ્વી પરના જીવો માટે સૂર્ય દ્વારા મળતી ઉર્જા આવશ્યક છે– અનિવાર્ય છે

અરૂણ, આદિત્ય, દિનકર, દિવાકર, પૂષા, રવિ કે સન સૂરજના નામે ઓળખાતો મહાન તારો સૂર્ય. પૃથ્વી કરતાં અનેક ઘણા કદ ધરાવતા આ સૂર્યના નામની પાછળ આપણે નારાયણ લગાવીએ છીએ. એની તેજસ્વીતાની કદર કરવાને બદલે એ હવે ઘણા માટે એલર્જી બની ગયો છે. આજના શ્રેષ્ઠ એવા આ કળયુગમાં કુદરતથી દુર જતા લોકો માટે એક ચેતવણીતો આપવી જ છે કે જો કુદરતી તાકાતની જો આપણે એલર્જી છે તો એની માટે આપણે કયાંક એલર્જી બની ન જઈએ તે જોજો.

નવ ગ્રહો ફરવાની તાકાત ધરાવે છે તેવા સૂરજની એલર્જી જેમ બને તેમ ટાળવી વધુ હિતાવહ છે. આ જગતમાં સૌથી મહત્વની ઘટનાએ છે કે દરરોજ સવારે સૂર્ય ઉગે છે. સૂર્ય વિના પૃથ્વી ઠંડી અને અંધકારમય હોત. જીવનદાતા એવા સૂર્ય વિશે એલર્જી રાખનારા લોકો હકારાત્મક વિચારીતો જુએ. ચોકકસ જણાશે કે ખરેખર નારાયણ જ છે. અલબત, એનો અર્થ એતો ન જ લેતા કે ગમે તેવો ઉનાળો હોય તડકામાં ફરવું કે એ.સી. પંખા ચાલુ ન કરવા, જરૂર માણસ તાસીર પ્રમાણે સૂર્યની ઉર્જા લઈ શકે છે. પણ ઘણાય એવા લોકો છે કે જે સૂર્ય સાથે જરા પણ 'ટચ' થતા નથી. જાણે એ.સી. માટે જ જન્મ્યા હોય તેવું લાગે.

પૃથ્વી પરના જીવો માટે સૂર્ય દ્વારા મળતી ઉર્જા આવશ્યક છે– અનિવાર્ય છે. હનુમાનજીએ પણ સૂર્ય પાસેથી જ દીક્ષા લીધી હતી. ટૂંકમાં દેશકાળ પ્રમાણે જરૂર એ.સી. ફ્રિઝનો ઉપયોગ કરો પણ સૂર્ય નારાયણને રોજ સવારે નમન કરવાની ખાસ ચિંતા રાખો. પછી જરૂર હકારાત્મક ભાવ રાખી તેના પ્રખર પ્રકોપને વધાવી લ્યો. પ્રતિ વર્ષ વધતો જતો ગરમીનો પારો આપણી જ બેદરકારીનું મોટું ઉદાહરણ છે. શરીરને એટલુંતો કોમળ બનાવી દીધું છે કે સૂર્ય કિરણોને જરાપણ સ્પર્શવા દેતા નથી. જો કે, હજુ ઘણા લોકો હજુ પણ કુદરતની સાથે નાતો જોડી રાખવામાં સફળ રહયા છે.

નાત–જાત–ધર્મ–આસ્તિક – નાસ્તિક, કોઈપણ હોય સૂર્યને માનવો રહયો. વિજ્ઞાનની આ દૂનિયા જીવતા આપણને માટે જો વિજ્ઞાનની દ્રષ્ટિએ પણ સૂર્યનું માન જાળવવું પડશે.

માનવીમાં એવી તાકાત છે કે સૂર્યના પ્રકોપને ઓછો કરી શકે. કહેવાય છે ને કે સૂર્યના કિરણોને જો ઘરમાં પ્રવેશવા નહિં દેવાયતો ડોકટર માટે દરવાજા ખોલવા જ પડશે. શિયાળામાં તડકો શોધતા લોકો ઉનાળો આવતાં જ તડકાથી દૂર ભાગતા હોય છે. આપણે જાણીએ છીએ તેમ વિટામીન 'ડી' માત્ર સૂર્ય પ્રકાશથી જ મળે છે. બોસ્ટન યુનિ. ના એક ડોકટરે સંશોધનના પરિણામે એ તારણ કાઢયું કે ડિપ્રેશન, ડાયાબીટીશ, હાઈપરટેન્શન જેવા ઘણા રોગો સૂર્યકિરણો મટાડી શકે છે. ટૂંકમાં કહીએ તો, સૂર્યને નમસ્કાર નહિં કરોતો ચાલશે પણ મનઃસત્કાર તો કરવો જ પડશે.

# દૂનિયામાં વીજક્ષેત્રે આવી રહયા છે ક્રાંતિકારી ફેરફારો

(ગતાંકથી ચાલુ)

દુનિયાભરમાં ક્રાંતિકારી ફેરફારો આવી રહ્યા છે તે નીચે મુજબ છે.

(૧) દુનિયાભરમાં પવનથી અને સૂર્યપ્રકાશથી વીજળીનું ઉત્પાદન ઝડપથી વધી રહ્યુ છે અને હજારો મેગાવોટમાં ઉત્પાદન થવા લાગ્યું છે.

(૨) પવનથી અને સૂર્યથી ઉત્પન્ન થતી વીજળી દિવસે દિવસે સસ્તી થઈ રહી છે. વળી ખૂબ જ નાને પાયે વિકેન્દ્રિત ધોરણે આવી વીજળી ઉત્પન્ન કરવી શક્ય બની છે. એટલું જ નહિ પરંતુ આવી વીજળી સરકારની વીજળી કરતાં સસ્તી પણ પડે છે. વળી, આ વીજળી બિલકુલ પ્રદૂષણ મુક્ત છે. તેથી દુનિયાની તમામ સરકારોને આવી વીજળીને પ્રોત્સાહન આપવાની ફરજ પડી છે.

(૩) દુનિયાની તમામ સરકારોએ વીજળીના ઉત્પાદનનો પોતાનો ઠેકો પડતો મૂકવો પડ્યો છે અને જનતા વીજળીનું ઉત્પાદન કરી શકે અને ગમે તેને વેચી પણ શકે તેવા કાયદા બનવવા પડ્યા છે. તેથી ભારત સરકારે પણ પવનથી અને સૂર્યથી ઉત્પન્ન થતી વીજળી ઉપરના નિયંત્રણો ઉઠાવી લેવા પડ્યાં છે. એટલે હવે કોઈપણ માણસ પવનથી કે સૂર્યપ્રકાશથી વીજળી ઉત્પાદન કરીને વેચવાનો ધંધો કરે તો પણ તેને સરકાર હેરાન કરી શકે એમ નથી.

(૪) દુનિયાભરમાં કઈ જગ્યાએ કેટલો પવન વાય છે તેના આંકડા સાથેના મોટાં મોટાં પુસ્તકો બહાર પડ્યા છે. તેમાં સૌરાષ્ટ્ર અને કચ્છ સૌથી વધુ પવનવાળા વિસ્તારમાં આવે છે. એટલે સૌરાષ્ટ્ર અને કચ્છમાં પવનથી વીજળી પેદા કરવાની વિપુલ શક્યતાઓ છે.

(૫) ગામડામાં દરેક ઘર પોતાના ઘરવપરાશ માટે જેટલી વીજળી જોઈએ એ બહુ જ સહેલાઈથી પવનચક્કી મૂકીને પેદા કરી શકે છે. ઘર માટે ત્રણ–ચાર ટ્યુબલાઈટ અને એક–બે પંખા ચલાવવા માટે ૨ મીટરથી સહેજ મોટું ૩ પાંખીયાનું પવનચક્ર અને નાનકડું મેગ્નેટ જનરેટર હવે રાજકોટમાં બનવા માંડ્યું છે. કોઈ પણ વ્યક્તિ પોતાના ઘર ઉપર ૨ ફૂટનો પાઈપનો થાંભલો ઉભો કરીને તેને ચાર બાજુએ વાયરના દોરડા બાંધીને તેના ઉપર જનરેટર તથા પવનચક્ર ફીટ કરી શકે છે. આ રીતે વિદ્યુતબોર્ડની ગુલામીમાંથી અને વિદ્યુતબોર્ડની બીકમાંથી કાયમી છુટકારો મળે છે. આવી લગભગ ૧૦ લાખ પવનચક્કીઓ ગામડાંના ઘરો ઉપર જ ફરતી થાય એવી શક્યતાઓ સૌરાષ્ટ્ર કચ્છમાં છે. ઘર માટે ટ્યુબલાઈટો તથા પંખા ચલાવવા માટેનું આધુનિક પવનયંત્ર આશરે ૩૦ હજાર રૂપિયામાં મળતું થઈ જશે. જેમાં જનરેટર, પવનચક્ર, બેટરી તથા ટાવરનો ખર્ચ આવી જશે.

(૬) આવી જ રીતે ખેડૂતો પોતાના ખેતરમાં સિંચાઈ માટે થોડી મોટી પવનચક્કીઓ બેસાડી શકે છે. પાંચ કિલો વોટની પવનચક્કી ૬ ફૂટના પાઈપમાં થાંભલા ઉપર આજુબાજુ ચાર જગ્યાએ વાયર રોપ બાંધીને ગોઠવી શકાય છે. તેનાથી સિંચાઈ માટેના સબમર્શીબલ પંપ વગેરે ચાલી શકે છે. એટલે દરેક ખેડૂત પોતાના ખેતરમાં એક અથવા વધુ પવનચક્કી બેસાડીને પોતાને સિંચાઈ માટે તથા ખેતીવાડીના ઉદ્યોગો ચલાવવા માટે જોઈતી વીજળી પેદા કરી શકે છે. આવતા ૧૦–૧૫ વરસમાં સૌરાષ્ટ્ર કચ્છમાં ૮ થી ૧૦ લાખ જેટલી ખેતરાઉ પવનચક્કીઓ ઉભી થવાની શક્યતા છે. પાંચ કિલોવોટની પવનચક્કી આશરે એક લાખ રૂપિયામાં બજારમાં મળવા માંડશે અને ૧૦ કિ.વો.ની પવનચક્કી આશરે દોઢથી પોણા બે લાખ રૂપિયામાં બજારમાં મળતી થશે.

(૭) ખેતરમાં જે કઈ વિદ્યુત પવનચક્કીઓ બેસાડવામાં આવે તેનાથી સિંચાઈ માટેના પંપો કે સબમર્શીબલ પંપો ચાલશે. પરંતુ જયારે સિંચાઈનું કામ ન હોય ત્યારે પણ વીજળીનું ઉત્પાદન તો ચાલુ જ રહેશે. એટલે સ્વાભાવિક રીતે ખેડૂતો આ વધારાની વીજળીનો ઉપયોગ કરવાનો વિચાર કરશે. અને ખેત પેદાશોના નાના નાના ઉદ્યોગો ખેતરોમાં સ્થાપવા પ્રેરાશે. એટલે કપાસનું જીનીંગ કરવા માટે તથા રૂમાંથી સૂતર કાંતવા માટે કે કાપડ વણવા માટે, આ ઉપરાંત લોટ દળવા માટે, હલર ચલાવવા માટે, ડાંગર છાડવા માટે, તેલ કે શેરડી પીલવા માટે આ વધારાની વીજળીનો ઉપયોગ થઈ શકાશે. એટલે ખેત્પેદાસના ઉદ્યોગો જે આજે શહેરોમાં ચાલે છે તે ખેતરોમાં જ ચાલવા માંડશે.

(૮) આ ઉપરાંત શહેરમાં ચાલતા કેટલાક ઉદ્યોગો દાખલા તરીકે પ્લાસ્ટિક વગેરેના ઉદ્યોગોમાં બહુ વીજળીની જરૂર ના હોય, આવા મીકેનીકલ ઉદ્યોગો ગામડાંના ખેતરોમાં ચાલવા માંડશે.

(૯) આવી પરિસ્થિતિમાં ગામડાના જે માણસો રોજગારીને અભાવે પેટીયું કમાવા માટે શહેરોમાં જઈને રહે છે તેઓ પોતાના ખેતરોમાં જ નાના એવાં મકાન બનાવીને વિદ્યુત પવનચક્કી સ્થાપીને કંઈક ઔદ્યોગિક ઉત્પાદનનું કાર્ય કરવાનું ગોઠવશે. આ રીતે ઔદ્યોગિક ઉત્પાદન પણ શહેરોમાંથી ગામડામાં ખસવા માંડશે. એટલે કે શહેરીકરણનો પ્રવાહ ઉલટી દિશામાં શહેરોમાંથી ગામડા તરફ વહેવા માંડશે.

**સ્વ. વેલજીભાઈ દેસાઈ (રાજકોટ)**

## નવેમ્બરની સજીવ ખેતી તાલીમની તારીખોમાં ફેરફાર

કુકમાના શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના ચિંતન સાધના સ્થળ ખાતે તા. ૧૯–૨૦–૨૧ નવેમ્બરના નિઃશુલ્ક સજીવ ખેતી તાલીમ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ છે. જેમાં બહેનો તથા ભાઈઓ સહપરિવાર ભાગ લઈ શકશે. તાલીમમાં વિભાવના, બીજ, રોગ, જીવાત, જમીનનુ બંધારણ, માર્કેટીંગ, ખેતી ખર્ચ ઘટાડવો જેવા વિષયોનું પ્રેકટીકલ, થીયરીકલ માર્ગદર્શન અપાશે. નામ નોંધણી માટે ૯૪૨૬૫ ૮૨૮૧૦ નો સંપર્ક કરવો.

## ઈજન

*સજીવ ખેતી, ગાય, પર્યાવરણ, પાણી, ગ્રામોત્થાનને લગતા લેખ, સમાચાર નીચેના સરનામે અવશ્ય મોકલશો. અમે તેને સ્થાન આપવા પ્રયાસ કરીશું.....*

**– જયકચ્છ કાર્યાલય, બીજા માળે, ૯, હાટકેશ કોમ્પલેક્સ, છઠીબારી, ભુજ (કચ્છ)**

**શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ, ઠાકર મંદિર પાસે, જુનાવાસ, માધાપર(ભુજ)કચ્છ**

**ગૌકૃષિ સંશોધન કેન્દ્ર, આહિર સમાજવાડીની સામે, ગામડીયા ડુંગરની પાછળ, કુકમા (ભુજ)**

**મોબાઈલ : ૯૯૨૫૧ ૭૪૬૯૯,**

**નોંધ : પત્રના લવાજમ પેટે વાર્ષિક સહયોગ રૂા. ૧૦૦/–**


## સત્વમ

નેચરલ અને ઓર્ગેનિક

- ૦ પંચગવ્ય ઉત્પાદન
- ૦ અનાજ
- ૦ સિંધવ નમક
- ૦ માટીના વાસણ
- ૦ કાચી ઘાણીનું તેલ
- ૦ બુરો (સાકર)
- ૦ દેશી ગોળ
- ૦ કાંસા, તાંબાં, પીતળ ના વાસણ
- ૦ ગૌમૂત્ર અર્ક
- ૦ ઔષધિઓ
- ૦ મસાલા
- ૦ ઘર વપરાશની વસ્તુઓ

**ક્રિષ્ના આર્કેડ, ગાંધી સર્કલ પાસે, ઓધવબાગ રોડ, માધાપર (ભુજ)**

**સંપર્ક : મો. ૯૦૮૧૧ ૧૭૦૭૭**



## વૈદ્ય પ્રતિકભાઈ કૃષ્ણકાંતભાઈ પંડયા

**(બી.એ.એમ.એસ) આયુર્વેદાચાર્ય**

**આયુર્વેદ અને પંચકર્મ દ્વારા સંપુર્ણ ચિકિત્સા**

**સોમવાર થી બુધવાર સવારે ૧૦ થી સાંજે ૭ સુધી**

**સંપર્ક : મો. ૮૧૫૫૯ ૯૨૦૦૪**

**ક.વિ.ઓ. જૈન મહાજન સંકુલ, હોસ્પિટલ રોડની પાછળ, ભુજ(કચ્છ)**


## મણિબેનની કચ્છ યાત્રા : એક સંભારણું

*સરદાર પટેલનાં પુત્રી મણિબેનની કચ્છ યાત્રાનાં સંસ્મરણો વાગોળવાની તક ઝડપી લઉં છું. ૧૯૭૫ કચ્છમાં દુષ્કાળ વર્ષ હતું. મોરારજીભાઈ દેસાઈ, બાબુભાઈ જશભાઈ પટેલ સાથે સરદાર પટેલનાં પુત્રી મણિબેન પણ કચ્છના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે આવ્યાં હતાં. જિલ્લાનાં અર્ધભૂખ્યા માનવો અને કંગાળ હાલતમાં પશુઓ જોઈને એમનું હૃદય દ્રવી ઉઠ્યું હતું. સ્થળ પર જઈને તેમણે લોકોને સાંત્વના આપી હતી.મૃત પશુઓની આંખોમાં વિકરાળ કાળની થપાટો જોઈને મજબૂત મનોબળવાળા પણ હચમચી જાય એવાં દ્રશ્યો સર્જાયાં હતાં.*

*કચ્છ યાત્રા દરમિયાન તેઓ 'જય કચ્છ' કાર્યાલયમાં પણ આવ્યાં હતાં.અને ફૂલશંકરભાઈ પટ્ટણી પરિવારની મીઠી મહેમાનગતિ માણી હતી. ત્યારે મને પણ એમને મળવાનો મોકો મળ્યો હતો. એ વખતે સમૂહ ફોટો પડાવ્યો હતો. જો કે મણિબેનને ફોટા પડાવવામાં રસ નહતો. તેઓ પિતાજીના પગલે કામને મહત્વ આપતાં. આ પ્રસંગે સંસ્થા કોંગ્રેસના જિલ્લા પ્રમુખ કુંદનલાલભાઈ ધોળકિયા તેમની સાથે રહ્યા હતા.કચ્છના પત્રકારોએ પણ મોરારજીભાઈ–બાબુભાઈની મુલાકાત લીધી હતી. મુલાકાતનું તારણ એ મળ્યું કે મણિબેન પણ પિતાજીના પગલે 'બોલો ઓછું અને કામ ઘણું કરો' નીતિને અનુસરતાં હોય એ જાતે અનુભવ્યું હતું. કચ્છમાં મણિબેનની પ્રતિમા ભુજોડી સ્થિત 'વન્દેમાતરમ મેમોરીયલ'માં છે તા.૨૫મી માર્ચ,૧૯૯૦નાં મણિબેન આપણી વચ્ચેથી ચીર: વિદાય લઈ ગયાં પણ એમની સુવાસ આજેય ચોમેર પ્રસરેલી અનુભવાય છે.*

*–જગદીશચંદ્ર છાયા*

## કુકમામાં પંચગવ્ય સુજોક ચિકિત્સા માર્ગદર્શન કેન્દ્રનો પુનઃપ્રારંભ

શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા કુકમા મધ્યે કાયમી પંચગવ્ય આર્યુવેદ ચિકિત્સા – માર્ગદર્શન કેન્દ્રનો પુનઃ પ્રારંભ કરાયો છે. ટ્રસ્ટના પ્રાકૃતિક ગ્રામ કુકમા ખાતે સુવિધા ઉપલબ્ધ છે. વધુ વિગતો માટે મોબાઈલ નંબર ૯૬૮૭૧ ૭૧૭૧૯૮નો સંપર્ક કરવો. નિદાન નિશુલ્ક રહેશે. આ ઉપરાંત પંચગવ્ય આર્યુવેદ અને સુજોક પધ્ધતિની સારવાર જાણીતા આર્યુવેદ નિષ્ણાંત ડો. દિપકભાઈ ચૌહાણ પણ તેમની સેવા રોજ સવારે ૯–૩૦ થી ૫ દરમિયાન નિશુલ્ક આપશે. જેનો લાભ લેવા જણાવાયું છે. આ ઉપરાંત શામજીભાઈ ભટ્ટી ગૌઆયુર સેલથેરાપી થી સારવાર આપશે.

## દર બુધવારે આર્યુવેદ કેમ્પ

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના સંકુલ ખાતે દર બુધવારે જાણીતા વૈદ્ય અમિતભાઈત્રિપાઠી પોતાની સેવા આપે છે. જેનો સમય સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધીનો છે.

# ભારતીય નશ્લની ગાયો સાથે સમય વિતાવો : કાઉ થેરાપી

———————————— ઘનશ્યામભાઈ સીતાપરા



ભારતીય નશ્લની ગાયો સાથે રહેવાથી તેને સ્પર્શ કરવાથી આનંદની અનુભૂતિ થયા વિના રહેતી નથી. કારણ તે બધાને પોતાના ગણી પ્રેમ વહેંચે છે. સાચા અર્થમાં મા છે તેથી બાળકો પ્રત્યે વાત્સલ્ય વરસાવે છે.

મંગલકારી ગાયના શરીરમાં અન્ય જીવોના પ્રમાણમાં ઓરાની શક્તિ વધુ હોય છે. તેના શરીરમાંથી સાત્વિક ઉર્જા નીકળ્યા કરે છે. માટે જે વ્યક્તિ ગાયના સાનિધ્યમાં રહેશે તથા શરીર પર હાથ પસવારે છે ત્યારે પોતાની નકારાત્મકતાને ગાય લઈ લે છે અને પોતાની સકારાત્મક શક્તિ પ્રદાન કરે છે માટે શરીર મનને આનંદ પ્રાપ્ત થાય છે.

માનસિક રોગીઓ માટે ઓસ્ટ્રેલિયાના ક્વિસલેન્ડમાં કાઉ કડલિંગ સેન્ટર બનાવ્યા છે. જ્યાં માનસિક શાંતિ માટે લોકો ભારતીય નશ્લની ગાયોને ગળે લગાવવા પૈસા આપી પહોંચી જાય છે. ઘબરાહટ, ડિપ્રેશન, ટેન્શન અને અનિદ્રાના રોગીઓ માટે ગાય સાથે રહેવાથી તેને પ્રેમ કરવાથી ખૂબ જ ફાયદો થાય થાય છે.

વાત્સલ્યની મૂર્તિ ભારતીય નશ્લની ગાયનો આંતરિક એક સ્વભાવ હોય છે. તેનું અલગ વ્યક્તિત્વ હોય છે જેના કારણે ઓટીઝમ સ્પેકટમના દર્દીઓ માટે કાઉ થેરાપી રામબાણ ઈલાજ સાબીત થઈ રહી છે. આ બીમારીમાં દર્દીને માણસો સાથે પસંદ નથી આવતું તેવું વૈજ્ઞાનિક ટેપલ ગ્રેંડિન કહે છે. માટે જ શાંત અને સુંદર ભારતીય નશ્લની ગાયોની સાથે રાખવામાં આવે છે.

જેને માનસિક રોગ થયો છે તેવા વ્યક્તિને ગાય વાછરડા સાથે રાખી રમી શકે તો રમાડવો જોઈએ. ગૌ માતાની દરેક હલનચલન અને ક્રિયા ધ્યાનથી જોતા રહેવાથી મનમાં આનંદ ઉપજે છે. ગાયના ભાંભરાવાના અવાજનાં તરંગો મન સાથે જોડતા મનમાં સકારાત્મક ધ્વની ઉત્પન્ન થાય છે જેના થકી આનંદની અનુભૂતિ થાય છે.

ગાયને ઘાસચારો કે દાણ ખવડાવવાથી ત્યેન ત્યકતેન ભુંજીતા નો આનંદ ઉપજશે કંઈક કર્યાનો અહેસાસ થાય છે. ગાયોની સાથે સતત રહેવાથી અને તેને બોલાવતા રહેવાથી મનુષ્યની ભાષા થોડી સમજવા લાગે છે અને બોલાવતાની સાથે આપણી પાસે આવે છે. બંસી ગીર ગૌશાળામાં ગોપાલભાઈ સુતરીયા પોતાની જે ગાયને બોલાવે છે તો તે જ તેમની પાસે આવે છે. પ્રાણીના આ સ્વભાવને જાણવા અને માણવા મળતો હોવાથી અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે.

ગાય ભાંભરે ત્યારે માં શબ્દની ધ્વની સંભળાય છે જેના કારણે રોગીઓને માં ની અનુભૂતિ થવા લાગે છે અને માં જયારે બોલાવશે તેવું લાગે છે જેથી આનંદ આવે છે.

મોઢે બોલું માં પછી મને સાચેય નાનપણ સાંભરે.

પછી મોટપની મજા મને કડવી લાગે કાગડા.

મનમાં શાંતિ, ખુશી, આનંદ, ઉત્સાહ અને ઉલ્લાસ માટે ગાયના મધ્યમાં બિરાજી દુનિયાભરની ઉપાધીમાંથી મુક્ત બનીએ. ગાય જે ઓક્સિજન પોતાના શરીરમાં લે છે તેનો ઘણો ભાગ વપરાયા વિના પરત બહાર કાઢે છે તેથી દર્દીને ઓક્સિજન વધુ મળે છે અને સ્વાસ્થ્ય સારું થાય છે.

# છાશ છે ને ? તો બસ, જંતુનાશકની જરૂર નથી

ચણા, કપાસ, ઘઉં, તુવેર, ટેટી, તરબૂચ, ભીંડા જેવા શાકભાજી પર ભારે રોગચાળો જોવા મળતો હોય છે. ફૂગ, કીટક અને ઈયળના નિયંત્રણ માટે બજારમાં થી મોંઘાભાવે જંતુનાશક દવા વેચાતી લઈને પાક પર ભારે પ્રમાણમાં છાંટવા છતાં તેનું નિયંત્રણ થઈ શકતુ નથી, તે હકીકત છે.

છાશના લેક્ટોપસ બેકટેરિયાને છાશમાં ઉછેરીને તેનો છંટકાવ કરવાથી ૩૦ જેટલા પાકમાં ૨૦ જાતના રોગોને દૂર કરી શકાય છે. તે પણ કોઈ પણ જાતના ખર્ચ વગર દૂર કરી શકાય છે. લેક્ટોપસ બેક્ટેરિયા બીજા બેક્ટેરિયાને મારી નાંખે છે. ફૂગના બેક્ટેરિયા પણ ખતમ થાય છે. છાશને માટલામાં ભરીને લીમડાના વૃક્ષ નીચે અથવા છાણીયા ખાતરના ઢગલામાં માટલું રાખી મુકી દેવામાં આવે છે. ૧૫ થી ૨૫ દિવસ ભરી રાખવાથી તે સડી જાય છે અને કીટનાશક બની જાય છે.

આ દ્રાવણ એક પંપમાં ૨૫૦ થી ૫૦૦ મિ.લી. નાંખી પાકમાં છંટકાવ કરવાથી અનેક જાતની ફૂગ કે જે બેક્ટેરિયાથી ફેલાય છે તેનો નાશ થાય છે. ઈયળ ના નિયંત્રણ માટે ખાસ ઉપયોગ કરી શકાય છે. વળી આ દ્રાવણ સાથે લીંબોળીના તેલનો ઉપયોગ કરવાથી ચૂસીયાનો ઉપદ્રવ પણ નિયંત્રણમાં લાવી શકાય છે. ગાયના ગોબર, ગૌમૂત્ર, ખાતી છાશ વાપરીને જંતુનાશક ઝેરનો ઉપયોગ ન કરવાથી મધમાખી આવે છે. તેથી ફલીનીકરણ વધે છે. ગાયના છાણ અને ગૌમુત્રના ભરપુર ઉપયોગથી ટેટી, તરબૂચ, શાકભાજીનું ઉત્પાદન બમણું થાય છે અને મીઠાશ ચાર ગણી થઈ જાય છે. શાકભાજી, કેરી, ટેટીની મીઠાસ, સુગંધ અને છોડ, વેલાનો વિકાસ સારો થાય છે.

રજકો, ઝીંઝવો, જુવાર, મકાઈના ચારાનુ ઉત્પાદન બમણું મળેલ છે. જે જમીનમાં બિલકુલ લસણ થતું ન હતું ત્યાં એકર દીઠ ૪૫ ક્વિન્ટલ લસણનું ઉત્પાદન મળ્યું છે. દરેક ખેડૂત સુધી આ માહિતી પહોંચાડવા વિનંતી છે.

**કુલદીપસિંહ વાળા**

**(સૌજન્ય : લોક સરવાણી)**


॥ દીપ જ્યોતિ નમોસ્તુભ્યમ ॥

**શ્રી રામકૃષ્ણ ગ્રામઉદ્યોગ કેન્દ્ર -કુકમા(કચ્છ)**

**ગોમય દીવડા**

- ઘર, ઓફીસ, ફેક્ટરી, ખેતર, મંદિર, ગુરુદ્વારા, દેરાસર વગેરે તમામ સ્થળોને ગોમય દીવડાથી ઝગમગાવો અને ખરા અર્થમાં દીપાવલી ઉજવો
- દેશી ગાયના ગોબરમાંથી બનેલા દીવડા વાતાવરણને શુધ્ધ અને પવિત્ર કરવાનું કામ કરે છે.
- ગોમય દીવડા દેશી ગાયના ઘી સાથે પ્રગટવાથી વાતાવરણમાં ઓકિસજનનું પ્રમાણ વધી જાય છે.
- રસ્તા પર રખડતી ગૌમાતાને સમાજમાં તેનું મહત્વપૂર્ણ સ્થાન પુનઃ પ્રાપ્ત થશે.
- ગોમય દીવડાની ભસ્મ નાખવાથી પાણી બેક્ટેરીયા રહિત બને છે. શરીરમાં પ્રાણવાયુનું પ્રમાણ જળવાય છે.
- ગોમય ભસ્મ અનેક રોગોમાં લાભદાયી છે. હળદર, ઘી સાથે લગાવો તો ઉત્તમ મલમ બને છે. ભસ્મનું તિલક કરવામાં આવે છે. ભસ્મ એક ઉત્તમ ખાતર છે. ઘરમાં અને ખેતર-વાડીમાં તેનો ઉપયોગ કરી શકાય.
- દેશી ગાયની ગૌશાળા આત્મનિર્ભર બને છે. સ્વદેશીનો સાચો અર્થ સમજી શકાય છે.





ગોમય દીવડા ખરીદવા માટે સંપર્ક

આહિર સમાજવાડીની સામે,
ભુજ-અંજાર હાઈવે, કુકમા (કચ્છ)
તા. ભુજ. મો. ૭૫૬૭૪ ૬૦૩૫૫,
૯૮૨૫૪ ૭૮૯૩૪

# ગાયના ગોબરમાંથી બનેલું લીંપણ (પ્લાસ્ટર) મકાનને સાચા અર્થમાં મજબુતી બક્ષે છે

ભગવાન શ્રીકૃષ્ણ ગોપાલના આ દેશમાં ગૌપાલન ઓછું થઈ રહયું છે, કારણકે, ગાયોને પાળવા માટેનો ખર્ચ વધુ થાય છે અને આવક ઓછી થઈ છે. પણ પહેલાં આવું નહોતું. તેનું કારણ એ છે કે બળદો ખેતીમાં કામમાં લાગતા હતા. અને ગૌમૂત્ર અને ગાયનું છાણ ખાતરમાં અને જંતુરોધક તરીકે ઉપયોગમાં ખૂબ આવતું હતું. ધીમેધીમે ટ્રેક્ટરો આવતાં બળદો નિરૂપયોગી બની ગયા. જૈવિકને બદલે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો વપરાશ વધવા લાગ્યો. આવા રાસાયણિક પદાર્થોના ઉપયોગના કારણે પર્યાવરણ દુષિત થયું અને અનેક પ્રકારની બિમારીઓ વધવા લાગી છે. પણ ફરી એકવાર ગૌમૂત્ર અને ગોબરનું મહત્વ ધ્યાનમાં આવવા લાગ્યું છે. પંચગવ્ય એટલે કે, ગાયનું દૂધ, ઘી, દહીં ગૌમૂત્ર અને ગોબરમાંથી અનેક પ્રકારની કારગત દવાઓ બનવા લાગી છે.

દેશી ખાતરનો ગોબરમાંથી જ તૈયાર થાય છે. હરિયાણાના અંબાલામાં ઈંટ, પ્લાસ્ટર અને ટાઈલ્સ પણ તૈયાર કરવામાં આવેલ છે. ગોબરમાંથી બનાવાયેલ ઈંટ મકાન બનાવવાના કામમાં ઉપયોગમાં લેવામાં આવી રહી છે. પ્રયોગો પરથી સાબિત થયું છે કે, બજારમાં મળ તી અન્ય ઈંટો કરતાં ગોબરની ઈંટો વધુ મજબુત સાબીત થઈ છે. દિવાલો પર પ્લાસ્ટર કરવા માટે જેને વૈદિક પ્લાસ્ટર કહેવામાં આવે છે. આ પ્લાસ્ટર કોઈપણ વિકિરણોથી સુરક્ષા આપે છે.

કુકમાના શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટ ખાતે પણ ગાયના ગોબરમાંથી ગોમય પ્લાસ્ટર બનાવવાનો આરંભ થયો છે. જેને સારો પ્રતિસાદ મળ્યો છે.

# ૨૭માંથી માત્ર ૩ જંતુનાશકો પર જ પ્રતિબંધ કેમ?

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું છે કે, તેણે દેશમાં પ્રતિબંધિત કરવા માટે માત્ર ત્રણ જંતુનાશકોની યાદી કેમ આપી છે? સુપ્રીમ કોર્ટે કેન્દ્રને આ મામલે સોગંદનામું દાખલ કરાવા કહ્યું છે. આ સોગંદનામામાં, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને જણાવવા કહ્યું છે કે, ‘ ૨૭માંથી માત્ર ત્રણ જંતુનાશકો પર કયા આધારે કાર્યવાહી કરવામાં આવી છે.6 સરકારી વકીલે દલીલ કરી હતી કે દરેક બાબતની એક પ્રક્રિયા હોય છે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્રને ડૉ.એસ.કે. ખુરાના સબ– કમિટી ના અંતિમ અહેવાલ અને ડૉ. ટી.પી. રાજેન્દ્રનની આગેવાની હેઠળની સમિતિ દ્વારા ૬ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સબમિટ કરેલા અહેવાલને રેકોર્ડ પર મૂકવાનો નિર્દેશ આપ્યો છે. ભારતના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ જમશેદ બુર્જોર પારડીવાલાની બેંચ આ મામલાની સુનાવણી કરી રહી છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે વનશક્તિ સંસ્થા અને અન્ય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓમાં ભારતમાં વેચવામાં આવતા હાનીકારક જંતુનાશકો પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી. તેના આધારે આરોગ્ય પર જંતુનાશકોની અસર વિશે જણાવવામાં આવ્યું છે.

સરકારી વકીલે કહ્યું કે તેઓ કમિટીના રીપોર્ટ અંગે બેંચને જાણ કરશે. તેના પર ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ કહ્યું કે ના, તમે જે કહેવા જઈ રહ્યા છો તો બધાને કહો, કારણ કે સામે પક્ષે પણ કોર્ટમાં બધું જાણવું જોઈએ. અરજદારો તરફથી એડવોકેટ પ્રશાંત ભૂષણે પણ રજૂઆત કરી હતી કે જાન્યુઆરી ૨૦૧૮ સુધીમાં ઓછા માં ઓછા ૨૭ જંતુનાશકો પર પ્રતિબંધ મૂકવાનો હતો. બીજી તરફ, એડીશનલ સોલિસીટર જનરલ વિક્રમજીત બેનર્જીએ આરોપ લગાવ્યો છે કે સુપ્રીમ કોર્ટમાં આ પ્રકારની અરજીઓ ખોટા હેતુઓ સાથે દાખલ કરવામાં આવી રહી છે અને આ હેતુ માટે કોર્ટનો ઉપયોગ થવો જોઈએ નહીં. આવી સ્થિતિમાં કોર્ટે કહ્યું છે કે જો તમે તમારું કામ બરાબર કર્યું હોત તો અમે સુનાવણી હાથ ધરી ન હોત.

ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટમાં આવી અનેક અરજીઓ દાખલ કરવામાં આવી છે, જેમાં ૧૦૦થી વધુ જંતુનાશકો પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી છે. આ અરજીઓમાં એવી દલીલ કરવામાં આવી છે. આ અરજીઓમાં એવી દલીલ કરવામાં આવી છે કે પશ્ચિમી દેશો માં આવા જંતુનાશકો પર પ્રતિબંધ છે કારણ કે તે ખેડૂતો, ખેતમજુરો અને ખાસ કરીને બાળકોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. છતાં, આ જંતુનાશકોનો ઉપયોગ ભારતમાં કોઈ પણ નિયંત્રણો વિના થઈ રહ્યો છે.

અગાઉ ફેબ્રુઆરી ૨૦૨૩માં, કેન્દ્ર સરકારે ‘જંતુનાશક નિષેધ આદેશ ૨૦૨૩૬ બહાર પાડ્યો હતો, જેના હેઠળ ડીકોફોલ, ડીનોકેપ અને મેથોમાઈલની આયાત, ઉત્પાદન, વેચાણ, પરિવહન, વિતરણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જો કે, અગાઉ ૧૮ મે, ૨૦૨૦ના રોજ જરી કરાયેલ ડ્રાફ્ટ સૂચના દ્વારા, કેન્દ્રએ ૨૭ જંતુનાશકો પર પ્રતિબંધ મૂકવાની વાત કરી હતી. તેનો આધાર માનવ અને પશુઓના સ્વાસ્થ્ય માટે જોખમી હોવાનું જણાવવામાં આવ્યું હતું.

અગાઉ, કૃષિ મંત્રાલયે ૮ જુલાઈ,૨૦૧૩ના રોજ નિયો–નિકોટીનોઈડ જંતુનાશકો ની તપાસ કરવા માટે નિષ્ણાત સમિતિની રચના કરી હતી. તપાસ બાદ સમિતિએ ૯ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ કેન્દ્રને પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો.

## અમે જાણવા માગીએ છીએ આપના પ્રતિભાવ

**૦ અમારૂં સામયિક આપને નિયમિત રીતે મળે છે ? હા/ના**
**૦ સામયિક અન્ય લોકોને વાંચન માટે આપો છો ? હા/ના**
**૦ શું આપ તમામ લેખો/વિગતો ઉંડાણપૂર્વક વાંચો છો ? હા/ના આપને પસંદ છે ? હા/ના**
**૦ લેખ કે અન્ય માહિતી વિશે કોઈ સુચન કરવા માગો છો ? હા/ના (અલગ કાગળમાં પણ લખી શકો છો)**

________________________________________________

________________________________________________

**૦ પત્રમાં શું ફેરફાર કરવા જોઈએ એ વિશે શું કહેશો ? (અલગ કાગળમાં પણ લખી શકો છો)**

________________________________________________

________________________________________________

**૦ તમારા પાસે ખેતી, ગૌપાલન, પર્યાવરણ, ગ્રામોત્થાન ના વિષયોમાં વિશિષ્ટ અનુભવ કે પ્રયોગની માહિતી છે ? હા/ના (અલગ કાગળમાં પણ લખી શકો છો)**

________________________________________________

________________________________________________

**૦ (કોઈપણ સામયિકનો ઉપયોગ કેટલો થાય છે તેનો આધાર વાચકોના પ્રતિભાવ પર છે. ત્યારે આપ આપનું મંતવ્ય જરૂર આપશો તેવી વિનંતી)**

**૦ (જો આપ કોઈ કારણોસર અમારા સામયિકનું વાંચન કરી શકતા ન હો તો તે બંધ કરવાની જાણ અમને કરશો તેવી વિનંતી છે.) કાગળની બનાવટમાં વૃક્ષોનો ઉપયોગ થાય છે ત્યારે પ્રકૃતિની આ મહામુલી સંપતિનોદુર્વ્યય અટકે તે માટે એક એક પ્રતનું મહત્વ છે જેથી સહકાર આપવા વિનંતી**

**પ્રતિભાવ ઈ–મેઈલ, વ્હોટસએપ અથવા ટપાલ મારફતે મુકી શકો છો.....**

**સરનામું : જયકચ્છ કાર્યાલય, ૯, હાટકેશ ચેમ્બર્સ, બીજા માળે, છઠીબારી, ભુજ.**

**ઈ–મેઈલ : jaykutch1@gmail.com**

**વ્હોટસએપ નંબર : ૯૯૨૫૧ ૭૪૬૯૯**

## આપ શું પી રહ્યા છો ? ખબર છે ?

***કોકાકોલા અને પેપ્સી સહીત દશ વિદેશી ઠંડાપીણાંઓમાં પેસ્ટીસાઈડસ અને ઈન્સેકટીસાઈડસ (જંતુનાશકો) નું અતિ ઉંચુ પ્રમાણ જોવા મળતાં આ પીણાઓથી લાખો બાળકો અને યુવાનોના જીવ જોખમમાં મુકાયા છે. આ ઝેરી પીણાંઓથી કેન્સર તેમજ પ્રજનનતંત્ર અને શરીરની લગભગ તમામ બિમારીઓ થઈ શકે છે. દિલ્હીની જાણીતી પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક સંસ્થા સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાર્યમેન્ટ દ્વારા આ પરીક્ષણો કરાયાં છે. આ પીણાંઓને સાયલન્ટ કીલર ગણવામાં આવે છે.***

***આની ગંભીરતા સમજીને ભારતની સંસદે આ પીણાંઓ પર પ્રતિબંધ મુકી દીધો છે. સંસદભવનમાં આ પીણાંઓ પર પ્રતિબંધ છે તો શું સાંસદો જ માણસો છે ? સામાન્ય જનતા કાંઈ જ નથી ? શું સામાન્ય ભારતીય લોકોનાં આરોગ્ય સાથે ચેડાં કરવાનું આ ષડયંત્રતો નથી ને ? ભારતીયોનાં આરોગ્ય અને નાણાં સાથે ચેડાં કરવાનું મહેરબાની કરી બંધ કરો. (સરકારના આધારે ન રહો તેઓ માત્ર 'કલીનચીટ' જ આપી શકશે વધારે કશું નહીં) દેશની ચિંતા ઉપરાંત તમારાં શરીરની પણ ચિંતા કરો. બંધ કરો આ ઝેર પીવાનું, બંધ કરો આ ઝેરી પીણાં વેંચવાનું, બંધ કરો આપણી ભાવિ પેઢીને મારવાનું, અમારી આપ સૌને દર્દભરી અપીલ છે. હવે જાગો નહીંતો સર્વનાશ થઈ જશે... આ કંપનીઓથી ભરમાશો નહીં. સાચું શું છે તે ચકાસી તેની સાથે ચાલતાં શીખો.***

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક તેજસ ચંદ્રવદન પટ્ટણીએ જય કચ્છ કાર્યાલય હાટકેશ કોમ્પલેક્ષ છઠીબારી ભુજથી પ્રસિધ્ધ કર્યું.